# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૨૮/૯/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## ચેમ્બરમાં ભારત સરકારના રાજય કક્ષાના એમ.એસ.એમ.ઇ. મંત્રીશ્રી સારંગી અને રાજય કક્ષાના સ્ટીલ મંત્રીશ્રી કુલસ્તે સાથે ઇન્ટરેકટીવ સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે ભારત સરકારના માનનીય રાજય કક્ષાના એમ.એસ.એમ.ઇ. મંત્રી શ્રી પ્રતાપ ચંદ્ર સારંગી અને માનનીય રાજય કક્ષાના સ્ટીલ ખાતાના મંત્રી શ્રી ફગ્ગનસિંઘ કુલસ્તે સાથે ઈન્ટરેકટીવ સેશનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે, ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રશ્નોને વાચા આપે છે. વેપારીઓ અને ઉદ્યોગપતિઓની વચ્ચે અધિકારીઓ અને મંત્રીશ્રીઓના આવવાથી આત્મીયતા વધે છે અને ઇન્ડસ્ટ્રીના પ્રશ્નો રજૂ કરવાનો વિશ્વાસ મજબુત થાય છે. અગાઉ મંત્રીશ્રીઓએ ઇન્ડસ્ટ્રીના રીલીફ અને સબસિડીના પ્રશ્નોને સાંભળ્યા છે અને કેટલાક પ્રશ્નોનુ નિરાકરણ પણ લાવ્યા છે. અધિકારીઓ અને મંત્રીશ્રીઓના આવા એપ્રોચથી ઇન્ડસ્ટ્રીને ફાયદો થાય છે.

ચેમ્બરના તત્કાલિન ભુતપુર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સ્થપાયેલા લઘુ ઉદ્યોગ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, આજનો માહોલ ઇન્ડસ્ટ્રીને સપોર્ટ કરતો નથી. ગ્લોબલાઇઝેશન સૌથી મોટો મુદ્દો છે. એમ.એસ.એમ.ઇ.ને ટેકનોલોજીથી, માઇન્ડ સેટથી તેમજ પ્રોડકટીવિટી અને એફિશીયન્સીથી અપગ્રેડ કરવી પડશે.

માનનીય મંત્રી શ્રી પ્રતાપ ચંદ્ર સારંગીએ ઉદ્યોગપતિઓને સંબોધતા જણાવ્યુ હતુ કે, એમ.એસ.એમ.ઇ ઇન્ડસ્ટ્રીમાં નિરાશાની પાછળ ઘણા કારણો છે, પરંતુ જલ્દી પરિવર્તન થશે. માત્ર ઇન્ડસ્ટ્રીનો નહી પણ દેશના દરેક સામાન્ય વ્યકિતના વિકાસ માટે પ્રયાસ કરવાનો છે. ઇન્ડસ્ટ્રી દ્વારા વધારે પ્રોડકશન થાય તો વાંધો નહી પણ લોકોની ખરીદશકિત પણ વધવી જોઇએ. પહેલા ભારતના વસ્ત્રઉદ્યોગે વિશ્વ ઉપર કબજો કરી રાખ્યો હતો. ટેકનોલોજી પણ પ્રાચીન યુગથી આપણા દેશમાં ચાલી આવી છે. યુરોપિયનોએ આપણને ટેકનોલોજી શીખવાડી નથી.

તેમણે ખાદીને આધુનિકીકરણ તરફ લઇ જવા માટે ઇન્ડસ્ટ્રીનો સહયોગ માંગતા જણાવ્યુ હતુ કે સ્વાભિમાન સાથે બિઝનેસ કરવાનો છે. દરેક ઘરને ઈન્ડસ્ટ્રીની સાથે ડેવલપ કરી જોડવાના છે. તેમણે ઇન્ડસ્ટ્રીને પડતી બેંકોની તકલીફોથી મુકત કરવા માટે પોલિસી બનાવવાનો નિર્દેશ આપી લોકોમાં બિહેવીયરલ બદલાવ લાવવા માટે પ્રયાસ કરવાનુ જણાવ્યુ હતુ. સાથે જ તેમણે કહયુ હતુ કે ઇન્ડસ્ટ્રીને બેંક ધિરાણ નહી આપે તો તેમની સામે પગલા ભરવા સુધીની કાર્યવાહી કરવાની પોલિસી બનાવવામાં આવશે.

માનનીય મંત્રી શ્રી ફગ્ગનસિંઘ કુલસ્તેએ પોતાના સંબોધનમાં જણાવ્યુ હતુ કે, ભારતમાં હાલ ૧૦૬ મિલીયન ટનનુ ઉત્પાદન થઇ રહયુ છે ત્યારે આગામી વર્ષ ૨૦૩૦ સુધીમાં ૩૦૦ મિલીયન ટન ઉત્પાદનનુ લક્ષ્ય છે. સુરતમાં એસ્સાર સ્ટીલ કંપની દ્વારા ૧૦ મિલીયન ટન સ્ટીલનુ ઉત્પાદન કરવામાં આવશે. મોર્ડનાઇઝેશન બાદ સ્ટીલ ઉદ્યોગ વિપરીત પરિસ્થિતિમાંથી બહાર આવ્યો છે અને ફરીથી બેઠો થયો છે. દેશમાં મોટા ઉદ્યોગ લાગશે તો લઘુ ઉદ્યોગો પણ આગળ વધશે.

ઉદ્યોગપતિઓએ મંત્રીશ્રીઓ સમક્ષ વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. જેમાં એસ.એમ.ઇ. ઉદ્યોગોને બેન્કીગ ફાયનાન્સ મળતુ નથી, વર્કીંગ કેપીટલ ઉપર ૫ ટકા સબસિડી આપવી જોઇએ, બેંક રેપોરેટ ઘટાડે ત્યારે ઇન્ડસ્ટ્રીને આપતી નથી, ક્રેડીટ ગેરંટી સ્કીમમાં ફંડ વધારવામાં આવ્યુ છે પણ કમિશનમાં કન્સેશન મળતુ નથી, સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીમાં ઇન્કમટેક્ષ બેનીફીટ મળતો નથી અને કવાર્ટર્લી પેમેન્ટ કલીયરન્સ થવુ જોઇએ, ક્રેડીટ લેપ્સના ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને સરકારે નોટીફિકેશનરૂપે બહાર પાડવુ જોઇએ, આરસેપનો કરાર થતા અટકાવવો જોઇએ વિગેરે પ્રશ્નોનો સમાવેશ થાય છે. મંત્રીશ્રીઓએ ઇન્ડસ્ટ્રીના પ્રશ્નો અંગે વિભાગ તથા સંબંધિત મંત્રાલયો સાથે ચર્ચા કરવાનુ આશ્વાસન આપ્યુ હતુ.

આ સેશનમાં ચેમ્બરની એમ.એસ.એમ.ઇ. સેકટર કમિટીના ચેરમેન શ્રી પંકજ ત્રિવેદીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના કન્વીનર સીએ મિતિષ મોદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.